**પ્રેસ-નોટ તા.૧૮/૦૭/૨૦૨૩**

**ઘરફોડ ચોરીના ગુનાઓમાં સડોવાયેલ તેમજ અમરેલી જિલ્લાના ૪ ગુનાઓમાં વોન્ટેડ રૂ.૧૦,૦૦૦/- ના ઇનામી આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજય ગાંધીનગર નાઓએ** ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવેલ ઠરાવ અન્વયે જિલ્લાઓના ટોચના નાસતા ફરતા આરોપીઓની યાદી તૈયાર કરી, આવા આરોપીઓને પકડવા સારૂ તેના ઉપર ઇનામ જાહેર કરવા અને આ ટોચના આરોપીઓને પકડી પાડવા સુચના આપવામાં આવેલ હોય, જે અન્વયે **ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓની સુચના અન્વયે **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ગુનાઓને અંજામ આપી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે ઘણા લાંબા સમયથી નાસતા ફરતા અને ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ ટોપ – ૧૦ નાસતા ફરતા આરોપીઓની યાદી તૈયાર કરવામાં આવેલ અને આ આરોપીને પકડી પાડવા આરોપી દીઠ **રૂ.૧૦,૦૦૦/-** ની જાહેરાત કરેલ હતી અને આ લીસ્ટેડ આરોપીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** સને ૨૦૧૧ થી ૨૦૧૩ નાં વર્ષમાં લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરીઓમાં સંડોવાયેલ અને ૪ ગુનાઓ છેલ્લા ૧૧ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના પનેરી ગામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ લીલીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➭ પકડાયેલ આરોપીની વિગતઃ-

**રઘુ ઉર્ફે રાજુ હિરૂભાઇ ઉર્ફે હિરાભાઇ બાઘેલ (વાસકલીયા), ઉ.વ.૪૦, રહે. પનેરી, તા.જોબટ, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ)**

➭ **નાસતા ફરતા ગુનાઓની વિગતઃ-**

પકડાયેલ આરોપી નીચે મુજબના ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં નાસતો ફરતો હતો.

(૧) લીલીયા પો.સ્ટે,. ફ.ગુ.ર.નં.૨૩/૨૦૧૧, ઇ.પી.કો.કલમ ૪૫૭, ૩૮૦,
(૨) લીલીયા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૯/૨૦૧૨, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪
(૩) લીલીયા પો.સ્ટે,. ફ.ગુ.ર.નં.૩૧/૨૦૧૨, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪
(૪) લીલીયા પો.સ્ટે,. ફ.ગુ.ર.નં.૦૧/૨૦૧૩, ઇ.પી.કો.કલમ ૪૫૭, ૩૮૦

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એ.એસ.આઇ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

<u>**પ્રેસ-નોટ તા.૧૮/૦૭/૨૦૨૩**</u>

<u>**રાજુલા પો.સ્ટે. માં e-FIR દ્વારા દાખલ થયેલ મોબાઇલ ચોરીના ગુનામાં એક ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે પકડી પાડી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**</u>

**ગુજરાત સરકારીશ્રી** દ્વારા ગુજરાતના નાગરીકોને આપવામાં આવતી ઓનલાઇન સેવાઓમાં વધારો કરી, વાહન ચોરી કે મોબાઇલ ચોરી થયા અંગેની ફરીયાદ કરવા પોલીસ સ્ટેશનમાં જવુ ન પડે, અને ઘરે બેઠા ફરીયાદ કરી શકાય તે માટે સીટીઝન પોર્ટલ અથવા સીટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ મારફતે ફરીયાદ કરવા e-FIR ની સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જે અન્વયે **પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર** નાઓએ સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા નાગરીકો દ્વારા વાહન ચોરી કે મોબાઇલ ચોરી અંગે દાખલ કરવામાં આવતી e-FIR અન્વયે સુચનો અને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે.

➩ <u>ગુનાની વિગતઃ-</u>

તા.૦૧/૦૫/૨૦૨૩ ના રોજ અશ્ર્વિનભાઇ જીવણભાઇ બગડા, ઉ.વ.૨૫, રહે. વડ, તા.રાજુલા, જિ.અમરેલી વાળા પોતાના ઘરેથી વાડી વિસ્તારમાં કામ અર્થે જતા હોય, તે દરમિયાન પોતાનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૭,૦૦૦/- નો કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે અશ્ર્વિનભાઇ દ્વારા e-FIR કરાવેલ હોય, જે e-FIR અંગે ખરાઇ કરી, તેના પરથી **રાજુલા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૩૦૧૮૮ /૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા e-FIR દ્વારા દાખલ થયેલ અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામા e-FIR થી દાખલ થયેલ ગુનાઓના આરોપીઓને પકડી પાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઇલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** તથા **એલ.સી.બી. ટીમ** ને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે **એલ.સી.બી. ટીમ** દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ રોજ તા.૧૮/૦૭/૨૦૨૩ નાં રોજ રાજુલા ટાઉનમાં પેટ્રોલીંગ દરમ્યાન રાજુલા ટાઉનમાંથી એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન મળી આવતા, પકડાયેલ ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➩ <u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>

**યોગેશભાઇ મુળજીભાઇ નાગર, ઉ.વ. ૨૮, રહે.રાજુલા, વાવેરા રોડ, કન્યા શાળા – ૨ ની સામે, તા.રાજુલા, જિ.અમરેલી.**

➩ <u>રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-</u>

**એક વીવો કંપનીનો Y21 મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૭,૦૦૦/- નો મુદ્દામાલ**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.



<u>પ્રેસ-નોટ તા.૧૯/૦૭/૨૦૨૩</u>

<u>પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડાયેલ ગેરકાયેસર માદક પદાર્થ સુકા પોષ ડોડા તથા અફીણનાં ગુનામાં માલ આપનાર રાજસ્થાનના આરોપીને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>

ગુજરાત રાજ્યના અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા ખાસ સ્પેશ્યલ ડ્રાઈવ (ઝુંબેશ) તા.૧૦/૦૭/૨૦૨૩ થી તા.૩૦/૦૭/૨૦૨૩ સુધીનું આયોજન કરવામાં આવેલ હોય, જેના ભાગ રૂપે એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.

જે અનુસંધાને શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓની જરૂરી સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એસ.જી.દેસાઇ, તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા તથા નાસતા-ફરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એસ.જી.દેસાઇ, તથા એસ.ઓ.જી.ટીમ પીપાવાવ મરીન પો.સ્ટે. બી-પાર્ટ ગુ.ર.નં.૦૧૫૪/૨૦૨૩ એન.ડી.પી.એસ. એકટની કલમ-૧૫, ૧૭, ૧૮ તથા ૨૯ મુજબના ગુન્હાના કામે રાજસ્થાનનો નાસતો ફરતો આરોપી તાજારામ વર્ધારામ ચૌધરી હાલ રહે.અમદાવાદવાળાને હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેક્નિકલ સોર્સ મારફતે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

**પકડાયેલ આરોપી ઃ-**

તાજારામ વર્ધારામ ચૌધરી, ઉ.વ.30, ધંધો-ડ્રાઇવીંગ, રહે.દેવડા તા.ચાચોર જી.જાલોદ (રાજસ્થાન) હાલ- ઓઢવ, આદીનાથ સોસાયટી, પ્લોટ નં.૩૦૧, રાજપુતના મકાનમાં, જડેશ્વર મહાદેવ મંદિર પાસે, અમદાવાદ જી.અમદાવાદ.

**કબ્જે કરેલ મુદ્દામાલ ઃ-**

**મજકુર ઈસનાં કબ્જામાંથી એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ-૧, કિ.રૂા.૫,000/- તથા ગુનામાં ઉપયોગ કરેલ બોલેરો પીક-અપ વાહન રજી.નં. GJ-08-AU-0955, કિ.રૂા.૨,૫૦,000/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે.**

**મજકુર પકડાયેલ ઈસમની પુછપરછ દરમિયાન પીપાવાવ મરીન પો.સ્ટે. બી-પાર્ટ ગુ.ર.નં.૦૧૫૪/ ૨૦૨૩ એન.ડી.પી.એસ. એકટની ક.૧૫,૧૭,૧૮ તથા ૨૯ મુજબના ગુનાંના કામે પકડાયેલ આરોપી સોમાભાઇ ગાંડાભાઇ વાઘ, રહે.રામપરા-૨, રાધા-કૃષ્ણ મંદિરવાળી શેરી, તા.રાજુલા, જિ.અમરેલીવાળાને માદક પદાર્થ સુકા પોષ ડોડાનાં ખાલી ખોખા તથા તેનો ભુકકાનો જથ્થો આપેલ હતો. મજકુર પકડાયેલ ઈસમને વધુ તપાસ અર્થે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.**

**આ કામગીરી** અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, **નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ** એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી **તથા** એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી **તથા** એસ.ઓ.જી. ટીમનાં એ.એસ.આઇ. તથા હેડ કોન્સ **તથા દ્વારા કરવામાં આવેલ છે.**



**<u>પ્રેસ-નોટ તા.૨૦/૦૭/૨૦૨૩</u>**

**<u>સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનનાં છેલ્લા પચ્ચીસ વર્ષથી ખૂન તથા ઘાડના ગુનાનાં નાસતા-ફરતા અને કાગળ ઉપર મૃત જાહેર થયેલ આરોપીને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>**

**ગુજરાત રાજ્યના અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ ગુજરાત રાજ્ય ગાંધીનગરનાઓ** દ્વારા રાજ્યમાં નાસતા-ફરતા આરોપીનો સતત વધારો થઇ રહેલ હોય જે અનુસંધાને ખાસ સ્પેશ્યલ ડ્રાઈવ (ઝુંબેશ) તા.૧૦/૦૭/૨૦૨૩ થી તા.૩૦/૦૭/૨૦૨૩ સુધીનું આયોજન કરવામાં આવેલ હોય જેના ભાગ રૂપે **શ્રી સાહેબ પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ ભાવનગર**નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગંભીર ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં તથા બહારના જિલ્લાઓમાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા અમરેલી જિલ્લામાં રહેતા આવા નાસતા-ફરતાં આરોપીઓ ઉપર વોચ રાખી, પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપેલ.

**અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એસ.ઓ.જી. ટીમે** સાવરકુંડલા રૂરલ પો.સ્ટે., ફ.ગુ.ર.નં.૧૦૬/૧૯૯૯, IPC કલમ-૩૦૨, ૩૯૬, ૪૬૦, ૧૨૦-બી, મુજબના કામનો આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા હોય, મજકુર આરોપીને ગઇ કાલ તા.૧૯/૦૭/૨૦૨૩ ના રોજ અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં બારીયાધાર ગામેથી પકડી પાડી, આગળની ઘટીત કાર્યવાહી થવા સારૂ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.

➡ <u>પકડાયેલ આરોપી:-</u>

**જીવાભાઇ ગગજીભાઇ પરમાર, ઉ.વ.૬૦., (આશરે) (દેપુ.) રહે નાસીક મહારાષ્ટ્ર મુળ .રહેબાબરીયાધાર., તારાજુલા., જિઅમરેલી..**

➡ <u>ગુનાની હકિકત :-</u>

મજકુર પકડાયેલ ઈસની પુછપરછ દરમિયાન આજથી પચ્ચીસેક વર્ષ પહેલા સાવરકુંડલા તાલુકાનાં જીરા ગામે આ ગુનાના ફરિયાદીશ્રી ભરતભાઇ બાબુભાઇ દેસાઇનાં પિતાશ્રીનું ખુન સાથે ધાડ કરી માર મારી મોત નિપજાવી રૂા.૭૧૨૦૦/- નો મુદ્દામાલ જે-તે વખતે સહ આરોપીઓ સાથે મળી આ ગુનાને અંજામ આપેલ હતો અને મજકુર આરોપી આ ગુનો કર્યા બાદ પોતાની ઓળખ છુપાવી નાસીક-મહારાષ્ટ્રમાં ભીક્ષાવૃતિ કરી રખડતુ-ભડકતુ જીવન વિતાવતો હતો. અને આ ગુનાના કામે પકડાયેલ આરોપીના ભાઇએ નામ.કોર્ટમાં ખોટુ સોગદંનામુ રજુ કરી મજકુર આરોપીને મૃત જાહેર કરેલ અંગેની ચોંકાવનારી હકિકત મળી આવેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. ટીમનાં અના.એ.એસ.આઇ. તથા હેડ કોન્સ., તથા પો.કોન્સ., દ્વારા કરવામાં આવેલ છે.

## <u>પ્રેસ-નોટ તા.૨૦/૦૭/૨૦૨૩</u>

## <u>ભાવનગર જેલમાંથી વચગાળાના જામીન પર છુટી પાંચ માસથી ફરાર લીલીયા તાલુકાના ગુંદરણ ગામે ચકચારી ડબલ મર્ડર કેસના આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

**પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર** નાઓ દ્વારા તા.૧૦/૦૭/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ડ્રાઇવનું આયોજન કરેલ હોય, **ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામા ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા લીલીયા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૬/૨૦૧૩, આઇ.પી.સી. કલમ ૩૦૨, ૩૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮ તથા આર્મ્સ એકટ કલમ ૨૫(૧)બીએ વિ. મુજબના ગુનાના કામે ભાવનગર જેલ ખાતે કાચા કામના કેદી નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમ આધારે તા.૦૮/૦૨/૨૦૨૩ થી તા.૧૫/૦૨/૨૦૨૩ એમ દિન-૦૭ માટે વચગાળાના જામીન ઉપર મુક્ત થયેલ હોય અને મજકુર કેદીને તા.૧૬/૦૨/૨૦૨૩ ના રોજ ભાવનગર જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ તે ભાવનગર જેલમાં હાજર થવાને બદલે ફરાર થઇ ગયેલ હોય, મજકુર કેદીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ગઇ કાલ તા.૧૯/૦૭/૨૦૨૩ ના રોજ અમદાવાદ ખાતેથી પકડી પાડી, ભાવનગર જેલ હવાલે મોકલી આપેલ છે.

➪ <u>પકડાયેલ કેદીઃ-</u>

**ઉસ્માનભાઇ નુરમહંમદભાઇ દલ, ઉ.વ.૫૨, રહે.કરજાળા, તા.જેસર, જિ.ભાવનગર મુળ રહે.ગુંદરણ, તા.લીલીયા, જિ.અમરેલી**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

# પ્રેસ-નોટ તા.૨૧/૦૭/૨૦૨૩

## લાઠી પો.સ્ટે. માં e-FIR દ્વારા દાખલ થયેલ મોબાઇલ ચોરીના ગુનામાં એક ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે પકડી પાડી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ

**ગુજરાત સરકારીશ્રી** દ્વારા ગુજરાતના નાગરીકોને આપવામાં આવતી ઓનલાઇન સેવાઓમાં વધારો કરી, વાહન ચોરી કે મોબાઇલ ચોરી થયા અંગેની ફરીયાદ કરવા પોલીસ સ્ટેશનમાં જવુ ન પડે, અને ઘરે બેઠા ફરીયાદ કરી શકાય તે માટે સીટીઝન પોર્ટલ અથવા સીટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ મારફતે ફરીયાદ કરવા e-FIR ની સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જે અન્વયે **પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર** નાઓએ સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા નાગરીકો દ્વારા વાહન ચોરી કે મોબાઇલ ચોરી અંગે દાખલ કરવામાં આવતી e-FIR અન્વયે સુચનો અને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે.

➡ **ગુનાની વિગતઃ-**

ગઇ તા.૨૧/૦૩/૨૦૨૩ ના રોજ ભુપતભાઇ મોહનભાઇ ભીડકીયા, ઉ.વ.૬૫, રહે.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી વાળા પોતાની દુકાને હતા તે દરમિયાન કોઇ અજાણ્યો ચોર ઇસમ પોતાનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૭,૩૫૦/- નો ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે ભુપતભાઇ દ્વારા e-FIR કરાવેલ હોય, જે e-FIR અંગે ખરાઇ કરી, તેના પરથી **લાઠી પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૪૨૩૦૦૬૩/૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા e-FIR દ્વારા દાખલ થયેલ અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામા e-FIR થી દાખલ થયેલ ગુનાઓના આરોપીઓને પકડી પાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઇલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** ને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે **એલ.સી.બી. ટીમ** દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ રોજ તા.૨૧/૦૭/૨૦૨૩ નાં રોજ લાઠી ટાઉનમાં પેટ્રોલીંગ દરમ્યાન લાઠી, બસ સ્ટેન્ડ પાસેથી એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન મળી આવતા, પકડાયેલ ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

**ભરત ઉર્ફે મોરલો બાલાભાઇ પરમાર, ઉ.વ.૨૭, રહે.રંઘોળા, દેવળીયા રોડ, આંગણવાડી પાછળ, તા.ઉમરાળા, જિ.ભાવનગર.**

➡ **રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-**

**એક સેમસંગ કંપનીનો F13 મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૭,૩૫૦/- નો મુદ્દામાલ**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના હેડ કોન્સ** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

**તા.૨૩/૦૭/૨૦૨૩**

**રાજુલા ટાઉનમાં જાહેરમાં જુગાર રમતા પાંચ ઇસમોને કુલ કિં.રૂ.૩૧,૧૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** આજ રોજ તા.૨૩/૦૭/૨૦૨૩ ની શરૂ રાત્રીના રાજુલા ટાઉનમાં નાઇટ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે રાજુલા ટાઉનમાં ખેતાગાળા વિસ્તારમાંથી મોબાઇલ ટોર્ચના અંજવાળે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા પાંચ ઇસમોને જુગાર રમતા રોકડ રકમ, મોબાઇલ ફોન તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે

➡ **પકડાયેલ આરોપીઓઃ-**

(૧) કૈલાશ ધીરૂભાઇ શિયાળ, ઉ.વ.૨૩, રહે.રાજુલા, મુળ રહે.શિયાળબેટ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૨) લાલજી ભાણાભાઇ ગુજરીયા, ઉ.વ.૨૧,રહે.રાજુલા, મુળ રહે.શિયાળબેટ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૩) કેશુ સુખાભાઇ શિયાળ, ઉ.વ.૨૨, રહે.રાજુલા, રહે.શિયાળબેટ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૪) રાજુ ગીગાભાઇ ગુજરીયા, ઉ.વ.૨૩, રહે.શિયાળબેટ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૫) વિનોદ મગનભાઇ ચુડાસમા, ઉ.વ.૨૦, રહે.રાજુલા, મફતપરા, તા.રાજુલા, જિ.અમરેલી.

➡ **પકડાયેલ મુદ્દામાલઃ-**

રોકડા રૂ.૧૩,૧૦૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૨ કિં.રૂ.૧૮,૦૦૦-/- ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૩૧,૧૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **પો કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.